# મૂંઝવણ અને માર્ગદર્શન

**પ્રશ્ન : મને આસિસ્ટન્ટ મશીનમેન ભરતી પરીક્ષા અંગે માહિતી આપશો.**
**- બારોટ કપિલ મનસુખભાઈ, નડિયાદ, ખેડા**

ગુજરાત ગૌણ પસંદગી સેવા મંડળ ગાંધીનગર દ્વારા આસિસ્ટન્ટ મશીનમેન વર્ગ-૩ની સીધી ભરતીની જગ્યાઓ અન્વયે પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

**વય મર્યાદા :**

સામાન્ય વર્ગના ઉમેદવાર માટે ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૮ વર્ષથી વધુ ન હોવી જોઇએ. મૂળ ગુજરાતના હોય તેવા સામાન્ય કેટેગરીના ઉમેદવારો માટે વય મર્યાદામાં નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

**શૈક્ષણિક લાયકાત :**

ઉમેદવારે માધ્યમિક શાળાંત પરીક્ષા (SSC) પાસ કરેલી હોવી જોઇએ અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇએ.

ઓફસેટ મશીન માઇન્ડર અથવા ઓફસેટ પ્રિન્ટરના ટ્રેડમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાના પ્રમાણપત્ર અભ્યાસક્રમ પાસ કરેલો હોવો જોઇએ અથવા સરકાર માન્ય તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇએ. (ઓફસેટ મશીન માઇન્ડરના ટ્રેડની સમકક્ષ લાયકાત બાબતે ઉદ્યોગ અને ખાણ વિભાગે તેમના તા. ૨૭-૦૨-૨૦૧૮ના પત્રથી ઓફસેટ પ્રિન્ટરના ટ્રેડને માન્ય ગણવાનો અભિપ્રાય આપેલો છે. તેમજ આ શૈક્ષણિક લાયકાતની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત તરીકે ડિપ્લોમા ઇન પ્રિન્ટિંગ ટેક્નોલોજી અને ડિગ્રી ઇન પ્રિન્ટિંગ ટેક્નોલોજીને ઉદ્યોગ અને ખાણ વિભાગે તેમના તા. ૧૮-૧૦-૧૬ના પત્રથી માન્ય ગણવાનો અભિપ્રાય આપેલો છે. તેથી આ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પણ પોતાની ઉમેદવારી નોંધાવી શકે છે.)

ઉમેદવાર ભારે શ્રમકાર્ય કરવા માટે સક્ષમ હોવો જોઇએ. (ઉમેદવારે પ્રમાણપત્રોની ચકાસણી સમયે ભારે શ્રમકાર્ય કરવા સક્ષમ હોવા બાબતનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.)

ઉમેદવાર ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કમ્પ્યૂટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇએ.

પ્રિન્ટિંગ પ્રેસમાં જુદા જુદા પ્રકારના ઓટોમેટિક ઓફસેટ પ્રિન્ટિંગ મશીનો ચલાવવાનો, મશીનોના ઓઇલિંગ અને તેની સફાઇ કરવાનો ઓછામાં ઓછો બે વર્ષનો પ્રત્યક્ષ અનુભવ ધરાવતો હોવો જોઇએ. ઉમેદવાર ગુજરાતી અને હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇએ.

**પરીક્ષા પદ્ધતિ :**

પ્રથમ તબક્કામાં સ્પર્ધાત્મક લેખિત કસોટી અને બીજા તબક્કામાં કમ્પ્યૂટર પ્રોફિશન્સિ ટેસ્ટ એમ બે કસોટી લેવામાં આવશે.

સ્પર્ધાત્મક લેખિત કસોટી (પ્રથમ તબક્કાની પરીક્ષા) :

સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ નીચે મુજબનો રહેશે.

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન, ગુજરાતનો ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કમ્પ્યૂટરને લગતું સામાન્ય જ્ઞાન, ટેસ્ટ ઓફ રિઝનિંગ, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ગાણિતિક કસોટીઓ. | ૨૦ | ૯૦ મિનિટ |
| ૨ | ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ | ૧૫ | |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૦૫ | |
| ૪ | જગ્યાની તાંત્રિક શૈક્ષણિક લાયકાતને (લઘુત્તમ) સંબંધિત વિષયનું પેપર | ૬૦ | |
| | કુલ ગુણ | ૧૦૦ | |

પ્રશ્નપત્રમાં કેટલાક પ્રશ્નો ગુજરાતીમાં રહેશે અને કેટલાક પ્રશ્નો અંગ્રેજીમાં રહેશે. ક્રમ ૧ થી ૩ માટે અભ્યાસક્રમનું વિષયવસ્તુ ધો. ૧૦ (SSC)ની સમકક્ષ રહેશે.

ક્રમ-૪ માટે અભ્યાસક્રમનું વિષયવસ્તુ સંબંધિત સંવર્ગના ભરતી નિયમોમાં જે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવેલી છે તેને સમકક્ષ રહેશે. આ પરીક્ષા MCQ-OMR પદ્ધતિની રહેશે. નેગેટિવ ૦.૨૫ માર્કિંગ લાગુ પડશે. પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં પાસ થનાર ઉમેદવારને બીજા તબક્કાની કમ્પ્યૂટર પ્રોફિશન્સિ ટેસ્ટ લેવામાં આવશે.

**કમ્પ્યૂટર પ્રોફિશન્સિ ટેસ્ટ (બીજા તબક્કાની પરીક્ષા) સમય : ૧:૦૦ કલાક**

| પ્રશ્ન ક્રમ | વિષયનું વિવરણ | ગુણ |
|---|---|---|
| ૧ | ઍક્સેલ સ્પ્રેડશીટ | ૧૦ |
| ૨ | ઇ-મેઇલ કરવા (વિથ ફાઇલ ઍટેચમેન્ટ) | ૧૦ |
| ૩ | પાવર પૉઇન્ટ | ૧૦ |
| ૪ | વર્ડ ટાઇપિંગ/ વર્ડ ફૉર્મેટિંગ | ૨૦ |
| | કુલ ગુણ | ૫૦ |

**પસંદગી યાદી/ પ્રતીક્ષા યાદી તૈયાર કરવાની પદ્ધતિ.**

**વધુ માહિતી માટે સંપર્ક -** ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
બ્લોક નં. ૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦ (એ), ગાંધીનગર
વેબસાઇટ : https://gsssb.gujarat.gov.in/

---

**પ્રશ્ન : મને ડિઝાસ્ટર મેનેજમેન્ટના અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ વિશે માહિતી આપશો.**
**કોકિલા જે. પરમાર, સાયલા જિ. સુરેન્દ્રાનગર**

કોઈપણ પ્રકારની મોટી કુદરતી કે માનવસર્જિત આપત્તિ વખતે આપત્તિ નિવારણ દળની મદદ લેવાય છે. જે આવી આપત્તિમાંથી બનતી ત્વરાએ જનતાને અને તેમના માલ સામાનને બચાવવાના ઉપાય પ્રયોજી સામાન્ય જનજીવનને રાબેતા મુજબ કરવાના પ્રયાસો હાથ ધરે છે.

આ આપત્તિ નિવારણ પ્રબંધન એટલે જ ડિઝાસ્ટર મેનેજમેન્ટ, જે એક નવી શાખા તરીકે ઉભરી રહી છે. જેનો કોઈપણ આપત્તિના સમયે વારંવાર ઉલ્લેખ થતો રહે છે. વળી, જેમાં કારકિર્દીની પણ એક નવી દિશા ખૂલી રહી છે તેવા ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં વિદ્યાર્થીઓ માટે પણ ઉજળું ભવિષ્ય છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ એટલે સાહસિક બનવાની સાથોસાથ રાષ્ટ્રપ્રેમથી મક્કમ મનોબળ આત્મવિશ્વાસ અને તેજસ્વિતા પામવાની ઉત્તમ તક.

**માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય**

ભારત સરકારના માનવ સંશાધન અને વિકાસ મંત્રાલયે એક મહત્વનો નિર્ણય લઈ શાળા અને સંસ્થાઓમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટના અભ્યાસક્રમનો અમલ કરવાનો અભિગમ અપનાવ્યો છે. એ અનુસાર વર્ષ ૨૦૦૩થી સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ધો. ૮માં સમાજિક વિજ્ઞાનમાં અને વર્ષ ૨૦૦૪ થી ધો. ૯ તેમજ વર્ષ ૨૦૦૫ થી ધો.૧૦માં ડિઝાસ્ટર મેનેજમેન્ટનો અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો છે.

**મદ્રાસ યુનિવર્સિટી :**

આંતરરાષ્ટ્રીય યોગ્યતા ધરાવતી આ યુનિવર્સિટીમાં ૧ વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ડિઝાસ્ટર મેનેજમેન્ટનો અભ્યાસક્રમ ચાલે છે. વેબસાઈટ : www.unom.ac.in

**સિક્કિમ મનિપાલ યુનિવર્સિટી :**

આ યુનિવર્સિટીના આરોગ્ય, તબીબી અને તકનિકી વિજ્ઞાનના ગંગટોક, સિક્કિમ અને નડોંગ દ્વારા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ડિઝાસ્ટર મેનેજમેન્ટના અભ્યાસક્રમો ચલાવાય છે.

વેબસાઈટ : www.smu.edu.in/smu.html

**ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ભોપાલ :**

ભોપાલમાં આવેલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટનો અભ્યાસક્રમ પ્રદાન કરવામાં આવે છે. મધ્યપ્રદેશમાં સમયાંતરે સરકારી અધિકારીઓ અને કાર્યરત સ્ટાફને પણ ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા કુદરતી આફતો સામે લડવાની તાલીમ પણ અપાય છે.

વેબસાઈટ : www.dmibhopal.nic.in

**નેશનલ સિવિલ ડિફેન્સ કોલેજ - નાગપુર :**

રાસાયણિક ક્ષેત્રે આપત્તિ વ્યવસ્થાપનની ટ્રેનિંગ આપનારી આ કોલેજ એક પ્રિમિયર કોલેજ તરીકે પ્રખ્યાત બનેલી છે. ન્યુક્લિયર, બાયોજીક્સ અને કેમિકલ ઈમરજન્સીની નોડલ એજન્સી તરીકે પણ આ કોલેજે માન્યતા પ્રાપ્ત કરી છે.

વેબસાઈટ : www.ncdcnagpur.nic.in

**મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી :**

ગુજરાતમાં ભાવનગર ખાતે મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટીમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટનો અભ્યાસક્રમ ચાલે છે. એક વર્ષના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમામાં કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતકને પ્રવેશ અપાય છે. પરંતુ નિર્ધારિત બેઠક હોઈ વહેલામાં વહેલી તકે પ્રવેશ મેળવવો હિતાવહ છે. પ્રથમ અને બીજા એમ બંને સેમેસ્ટર માં ૪ - ૪ પેપર્સ પાસ કરવાનાં હોય છે. પ્રવેશ માટે દર વર્ષ જૂન - જુલાઈ માસ દરમ્યાન અગ્રગણ્ય સમાચારપત્રોમાં જાહેરાત પ્રસિદ્ધ કરાય છે. જાહેરાતમાં જણાવ્યા મુજબ ઓન લાઈન અરજી કરવાની હોય છે. ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવાય છે. ઉત્તિર્ણ થનાર ઉમેદવારોને મેરિટના ધોરણે પ્રવેશ અપાય છે.

સરનામું : રજિસ્ટ્રાર, મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી,
ગિજુ ભાઈ બધેકા માર્ગ, ભાવનગર, વેબસાઈટ : mkbhavuni.edu.in

**ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી :**

કોઈ પણ વ્યક્તિ ઘરે બેસીને અને તે પણ પોતાની સમય -સુવિધા અનુસાર અભ્યાસ કરી શકે તે હેતુસર ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીમાં નીચેના બે અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.

(૧) સર્ટિફિકેટ ઈન ડિઝાસ્ટર મેનેજમેન્ટ (ધો.૧૨ પાસ) છ માસનો આ અભ્યાસક્રમ વધુમાં વધુ બે વર્ષમાં પૂરો કરી શકાય છે.

(૨) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ડિઝાસ્ટર મેનેજમેન્ટ ૧ વર્ષ નો અભ્યાસક્રમ વધુમાં વધુ ચાર વર્ષમાં પુરો કરી શકાય છે. ઉપરોક્ત અભ્યાસક્રમો હિન્દી અથવા અંગ્રેજી માધ્યમમાં ભણવાના હોય છે.

સરનામું : પ્રાદેશિક નિયામક

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, સરખેજ - ગાંધીનગર હાઈવે ,છારોડી ,અમદાવાદ- ૩૮૨૪૮૧

વેબ સાઈટ : http://rcahmedabad.ignou.ac.in, http://igram.ignou.ac.in

ફોન નં : ૯૧ - ૨૭૧૭-૨૪૨૯૭૬,૨૪૧૫૮૦

**ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ**

પંડિત દિન દયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી પાછળ, કોબા-ગાંધીનગર હાઈવે, રાયસણ ગામ, ગાંધીનગર - ૩૮૨૦૦૭

ફોન નં : ૦૭૯ - ૨૩૨૭૫૮૦૪/૮૦૬/૮૦૮/૮૧૧, વેબ સાઈટ: gidm.gujarat.gov.in

- મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી - વડોદરામાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ડિઝાસ્ટર મેનેજમેન્ટ કોર્સ કરી શકાય છે.

વેબ સાઈટ : https://msubaroda.ac.in, ફોન નં : ૦૨૬૫ - ૨૭૯૫૫૫૫

અન્ય સંસ્થાઓમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટનો અભ્યાસક્રમ ઉપલબ્ધ છે.

**નોંધઃ- ઉપરોક્ત માહિતી આપના દિશાસૂચન માટે છે. અંતિમ માહિતી સંસ્થાની વેબસાઇટ પર જોવી. અથવા દૈનિક પેપરમાં જાહેરાત આવે તે પ્રમાણે અનુસરવું.**

**આપને મૂંઝવતા કારકિર્દીલક્ષી પ્રશ્નો નીચેના સરનામે અથવા ઈમેઈલ પર મોકલી શકશો.**
**E-MAIL : vgoa109@gmail.com** ફોન નં. ૦૭૯-૨૫૩૮૪૯૩૯
**પત્ર વ્યવહારનું સરનામું :**
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા, સરકારી કન્યા શાળાના મકાનમાં, રાયખડ, અમદાવાદ-૧